આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૨૮-૦૯-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## મુખ્યમંત્રી-ગરીબ કલ્યાણ મેળો

રાજ્યવ્યાપી ગરીબ કલ્યાણ મેળામાં પ્રથમ દિવસમાં એક લાખથી વધુ ગરીબ લાભાર્થીઓને ૩૧૮ કરોડ રૂપિયાથી વધુના લાભ-સહાય આપવામાં આવી હતી. ગરીબ કલ્યાણ મેળાની ૧૪મી શૃખંલામાં ૧૨ લાખથી વધુ લાભાર્થીઓને ૪ હજાર ૫૦૦ કરોડ રૂપિયાથી વધુના લાભ-સહાય પહોંચાડવાના આશય સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠાના ડિસાથી ગઈકાલે ગરીબ કલ્યાણ મેળાનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ગરીબ કલ્યાણ મેળા ગરીબોના સશક્તીકરણનું જન અભિયાન બની ગયા છે.

**(RNU અમદાવાદ/આરતી ભટ્ટ)**

----------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રવિવારે 29મી સપ્ટેમ્બરે સવારે 11 વાગ્યે, આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત કાર્યક્રમ’ દ્વારા પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની માસિક કડીનું આ 114મું સંસ્કરણ હશે.

આ કાર્યક્રમ આપ આકાશવાણી, દૂરદર્શન, A.I.R. ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એર મોબાઇલ એપ્લિકેશન પર સાંભળી શકશો. ઉપરાંત આકાશવાણીની અંગ્રેજી, હિંદી તેમજ પ્રાદેશિક ભાષાઓની યુ-ટ્યૂબ ચેનલ ઉપર

પણ આપ તેને સાંભળી શકશો. આકાશવાણી પરથી મુખ્ય કાર્યક્રમના તુરંત બાદ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

**(RNU અમદાવાદ/આરતી ભટ્ટ)**

--------------------------------------------------------------------------

## નવરાત્રી-મહિલાઓની સુરક્ષા

આગામી 3 ઓકટોબરથી નવલા નોરતાની શરૂઆત થઇ રહી છે ત્યારે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં નાની-મોટી ગરબીઓનું આયોજન કરાશે. નવરાત્રી દરમ્યાન કોઈ અસામાજિક તત્વો વાતાવરણ ડહોળવાનો પ્રયાસ કર્યો ન કરે તેને ધ્યાને લઇ પોલીસ દ્વારા હવે નવરાત્રિમાં ખાસ તકેદારી રાખવામાં આવશે.

જેમાં ગરબી સ્થળો પર મહિલાઓની સુરક્ષા માટે સાદા વસ્ત્રોમાં શી ટીમને તહેનાત કરવામાં આવશે, તેમજ આયોજકોને પણ સીસીટીવી અને ફાયર સેફટી રાખવા બાબતે ખાસ સુચના આપી દેવામાં આવી છે. આ ઉપરાંત મોડી રાત્રે થતી અવરજવર વાળા વિસ્તારો પર સતત પેટ્રોલિંગ કરી ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તેનું પણ ધ્યાન રાખવામાં આવશે.

**(આરતી ભટ્ટ/NP)**

--------------------------------------------------------------------------

## માતાનામઢ-નવરાત્રિ તકેદારી

આસો નવરાત્રિ પર્વને લઇને મા આશાપુરાના દર્શન માટે પદયાત્રીઓનો પ્રવાહ માતાના મઢ ભણી આગળ ધપી રહ્યો છે ત્યારે  અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મિતેશ પંડયાએ જાહેરનામું બહાર પાડી તા. 03 થી તા.11 મી ઓક્ટોમ્બબર સુધી નવરાત્રિ અને દશેરાનો તહેવાર મનાવવા આવશે ત્યારે માતાના મઢ આશાપુરા માતાના મંદિર સંકુલમાં મોબાઈલ, કેમેરા, શ્રીફળ, શંકાસ્પદ વસ્તુઓ, લઇ જવા પર

પ્રતિબંધ લગાવતુ જાહેર નામુ બહાર પાડવાં  આવ્યુ છે. આ જાહેરનામાનો ભંગ કરનારને ઓછામાં ઓછી 4 માસની અને વધુમાં વધુ 1 વર્ષની સજા થશે.

**(આરતી ભટ્ટ/NP)**

---------------------------------------------------------------------

## ભુજને –ધુનારાજા ડેમ પાણી

જિલ્લાના મુખ્ય મથક ભુજ ખાતે નર્મદા લાઈનમાં વારંવાર ક્ષતિ સર્જાવાને લીધે ભુજ વિસ્તારમાં પાણી વિતરણને  અસર પહોંચે છે. દુરના વિસ્તારોમાં પાણી નથી પહોંચતુ ત્યારે મુખ્યમંત્રી સમક્ષ ધારાસભ્ય કેશુભાઈ પટેલે કરેલી રજુઆતના અંતે હવેથી નર્મદા લાઈનમાં ક્ષતિના સમયે ધુનારાજા ડેમમાંથી ભુજ શહેરને પાણી વિતરણ  કરવામાં આવશે. જે અંગે સાત કિલોમીટર નવી લાઈન નાખવા આયોજન કરવામાં આવશે. ધુનારાજા ડેમમાંથી  ભુજના 70 થી 80 ટકા વિસ્તારોને  પાણી પહોંચાડવાનો અંદાજ છે.

**(આરતી ભટ્ટ/NP)**

---------------------------------------------------------------------

## જિલ્લા-વરસાદ

જિલ્લામાં ગઈકાલે અનેક વિસ્તારમાં વરસાદી ઝાપટા  વરસ્યા હતા. ગુજરાત અને મહારાષ્ટ્ર પર  સર્જાયેલા સરક્યુલેશનની અસર હેઠળ જિલ્લાના છ તાલુકામાં  પવન અને ગાજવીજ સાથે હળવા ઝાપટાં વરસતા અનેક રસ્તાઓ ભીંજાયા તો ક્યાંક પાણી વહી નીકળ્યા હતા. રાપરમાં ગઈકાલે એક કલાકમાં બે ઈંચ વરસાદ વરસ્યો હતો. તો ગાંધીધામ વિસ્તારમાં પવન સાથે ભારે વરસાદી ઝાપટા પડ્યા હતા.

ગઈ મોડી રાત્રે ભુજ અને તેની આજુબાજુના વિસ્તારમાં હળવા વરસાદ સાથે રસ્તાઓ ભીના થયા હતા. અમારા સમાચાર મિત્ર નાના દિનારાથી  ફઝલ સમાના  જણાવ્યા અનુસાર પચ્છમ વિસ્તારમાં અને  કાળા ડુંગર સહિત

વિસ્તારમાં વરસાદી ઝાપટાં સાથે વરસાદ થયો હોવાના  સમાચાર છે. હજુ બે દિવસ સુધી વરસાદ થવાની  હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરાઈ છે.

**(આરતી ભટ્ટ/NP)**

---------------------------------------------------------------------------

## જિલ્લા-ગરીબ કલ્યાણ મેળો

ભુજ ખાતે ગઈકાલે આયોજીત 14માં તબક્કાનો ગરીબ કલ્યાણ મેળામાં 10 તાલુકાના 47,459 લાભાર્થીઓને 11 વિભાગની રૂ.89 કરોડથી વધુ રકમની સહાય રાજય સરકારના પારદર્શક વહીવટ થકી સીધા જ લાભાર્થી સુધી સીધો લાભ પહોંચાડ્યો હતો.

**(આરતી ભટ્ટ/NP)**

---------------------------------------------------------------------------